## બિઝનેસ બિટ્સ

### ઝુઆરી એગ્રોની ખોટ ₹ ૧૨૯.૦૬ કરોડ

મુંબઇઃ ઝુઆરી એગ્રો કેમિકલ્સ લિ.ને ૩૧ માર્ચ, ૨૦૧૯ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ. ૧૨૯.૦૬ કરોડની ચોખ્ખી ખોટ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ. ૨૬.૬૩ કરોડ થઈ હતી. કંપનીની કુલ આવક રૂ. ૧,૧૫૦.૭૮ કરોડથી વધીને રૂ. ૧,૪૦૪.૧૭ કરોડ થઈ છે.

### મહારાષ્ટ્ર સ્કૂટર્સના નફામાં જોરદાર ઘટાડો

મુંબઇઃ મહારાષ્ટ્ર સ્કૂટર્સ લિ.ને ૩૧ માર્ચ, ૨૦૧૯ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ. ૬૮ લાખનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ. ૧૩૬ લાખ થયો હતો. કંપનીની કામકાજની કુલ આવક રૂ. ૭૪૬ લાખ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ. ૬૩૮ લાખ થઈ હતી.

### કરૂર વૈશ્ય બેન્કમાં બોનસ શેર્સની ફાળવણી

મુંબઇઃ કરૂર વૈશ્ય બેન્ક લિ.ની ૧૫ મે, ૨૦૧૯ના રોજ મળેલી બોર્ડ મીટિંગમાં પ્રત્યેક ૧૦ ઈક્વિટી શેર્સ સામે બે રૂપિયાની કિંમતના એક બોનસ શેર્સના પ્રમાણમાં ૭,૨૬,૬૩,૯૩૭ બોનસ શેર્સની ફાળવણી કરવાનો પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

### ઈસાફ સ્મોલ ફાઈનાન્સ બેન્કના નફામાં વૃદ્ધિ

મુંબઇઃ ઇસાફ સ્મોલ ફાઈનાન્સ બેન્કે નાણાકીય વર્ષ ૨૦૧૯ના ચોખ્ખા નફામાં ૨૩૪ ટકાની નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. ૩૧ માર્ચ, ૨૦૧૯ના પૂરા થયેલા વર્ષના ઑડિટેડ પરિણામ અનુસાર, ચોખ્ખો નફો ગત વર્ષના રૂ. ૨૬.૯૯ કરોડથી વધીને રૂ. ૯૦.૨૮ કરોડ થયો હતો. વ્યાજની આવક રૂ. ૫૯૬.૮૯ કરોડ સામે વધીને રૂ. ૧૦૩૧.૬૩ કરોડ અને ગ્રોસ એનપીએમાં ઘટાડો થયો છે.

### ડીસીબી બેન્કમાં ઈક્વિટી શેર્સની ફાળવણી

મુંબઇઃ ડીસીબી બેન્ક લિ.એ જણાવ્યું છે કે બેન્કે ૧૫ મે, ૨૦૧૯ના રોજ એમ્પ્લોયી સ્ટોક ઓપ્શન પ્લાન (ઈસોપ) હેઠળ રુ.૧૦ની કિંમતના ૧૨૬,૫૦૦ ઈક્વિટી શેર્સની ફાળવણી કરી છે.

### બેંક ઓફ બરોડાની બોર્ડ મીટિંગ ૨૨ મેએ

મુંબઇઃ બેન્ક ઓફ બરોડાની ૨૨ મે, ૨૦૧૯ના રોજ મળેલી બોર્ડ મીટિંગમાં ૩૧ માર્ચ, ૨૦૧૯ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અને વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવા અંગે વિચારણા કરવામાં આવશે.

### ગુજરાત બોરોસિલમાં એકીકરણ યોજનાને મંજૂરી

મુંબઇઃ ગુજરાત બોરોસિલ લિ.એ જણાવ્યું છે કે એનસીએલટીના નિર્દેશાનુસાર સિક્યોર્ડ ક્રેડિટર્સની ૧૫ મે, ૨૦૧૯ના રોજ યોજાયેલી મીટિંગમાં વાયલાઈન ગ્લાસ વર્ક્સ લિ. (વીજીડબ્લ્યુએલ), ફેનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ લિ. (એફઆઈએફપીએલ), ગુજરાત બોરોસિલ લિ. (જીબીએલ), બોરોસિલ ગ્લાસ વર્ક્સ લિ. (બીજીડબ્લ્યુએલ) અને બોરોસિલ લિ. (બીએલ) અને તેમના શેરધારકો વચ્ચેની એકીકરણ યોજના મંજૂર કરવામાં આવી હતી. ■

# સેન્સેક્સ ૨૪૦ પોઈન્ટનો સુધારો ગુમાવીને ૨૦૪ પોઈન્ટ નીચે પટકાયો

## નિકાસ ચાર મહિનાને તળિયે, વ્યાપાર ખાધ પાંચ મહિનાની ઊંચી સપાટીએ

**શેરબજાર**

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઇઃ* એશિયાઇ બજારોથી વિપરીત સેન્સેક્સ સત્રના મોટાભાગના સમયમાં પોઝિટીવ ઝોનમાં રહ્યો હતો અને લગભગ ૨૪૦ પોઇન્ટ આગળ વધ્યો હતો. જોકે, ટ્રેડ વોર અને વૈશ્વિક અર્થતંત્રની ગતિ ધીમી પડવાની ચિંતા વચ્ચે સત્રના પાછલા ભાગમાં વેચવાલીનું દબાણ વધી જતાં સેન્સેક્સ ૨૦૪ પોઇન્ટ નીચી સપાટીએ ગબડી ગયો હતો અને નિફ્ટીએ ૧૧,૧૫૦ની સપાટી માંડી માંડી જાળવી હતી. બજારના સાધનોએ જણાવ્યું હતું કે અમેરિકાના બજારની તેજી છતાં એશિયાઈ બજારો નીચા મથાળે ખૂલ્યા હતાં, પરંતુ પાછળથી તેમાં સુધારો આવતા તેની અસરે સ્થાનિક બજાર પણ મક્કમ ટોન સાથે ખૂલ્યું હતું અને સત્ર દરમિયાન સારું આગળ વધ્યું હતું. જોકે, સત્રના પાછલા ભાગમાં એકાએક વેચવાલીનું દબાણ વધી જતાં બેન્ચમાર્ક ગબડી ગયો હતો.

દરમિયાન એપ્રિલમાં ઇજનેરી માલ, જેમ અને જ્વેલરી સહિતના ઉત્પાદનોની નિકાસમાં ઘટાડો થવાને કારણે નિકાસ ૦.૬૪ ટકાના સ્તરે ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચી હતી, જ્યારે તેને કારણે વ્યાપાર ખાધ વિસ્તરીને પાંચ મહિનાના ઊંચા સ્તરે પહોંચી હતી. આયાતમાં ૪.૫ ટકાનો વધારો થયો હતો જે પાછલા છ મહિનાની સૌથી ઊંચી સપાટી દર્શાવે છે.

લગભગ ૫૦૦ પોઇન્ટની અફડાતફડી બાદ સેન્સેક્સ ૨૦૩.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૫૫ ટકાના ઘટાડા સાથે ૩૭,૧૧૪.૮૮ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી-૫૦ ઇન્ડેક્સ ૬૫.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૫૮ ટકાના ઘટાડા સાથે ૧૧,૧૫૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એકંદર વેચવાલીના મારા વચ્ચે બેન્ક શેરોમાં વધુ ધોવાણ જોવા મળ્યું હતું. વ્યાપક વેચવાલીના માહોલમાં બીએસઇના મિડકેપ ઇન્ડેક્સમાં ૦.૬૭ ટકાનો અને સ્મોલ કેપ ઇન્ડેક્સમાં ૦.૪૫ ટકાનો કડાકો નોંધાયો હતો.

માર્કેટબ્રેથ અત્યંત નબળી પડી ગઇ હતી. કુલ ટ્રેડેડ શેરોમાં ૧૦૦૩ શેરના ભાવમાં સુધારો અને ૧૫૫૩ શેરના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. બાકીના ૧૮૭ શેરના ભાવ યથાવત સપાટીએ રહ્યાં હતાં. મંગળવારના સુધારા અગાઉના સળંગ નવમા સત્રની પછડાટમાં સેન્સેકસે લગભગ ૧૮૦૦ પોઇન્ટ ગુમાવ્યાં હતો, જ્યારે નિફ્ટીએ ૪૩૩.૩૫ પોઇન્ટ ગુમાવ્યાં હતા.

આ સત્રમાં યસ બેન્કમાં ૮.૩૯ ટકાનો, ટાટા મોટર્સમાં ૭.૯૨ ટકાનો, ઇન્ડસઇન્ડ બેન્કમાં ૩.૬૭ ટકાનો, કોલ ઇન્ડિયાના શેરમાં ૨.૮૩ ટકા, સન ફાર્મામાં ૨.૩૭ ટકા અને પાવર ગ્રીડમાં ૧.૯ ટકાનો કડાકો નોંધાયો હતો.

સુધારો નોંધાવનારા શેરોમાં બજાજ ફાઇનાન્સ, આઇટીસી, કોટક મહિન્દ્ર બેન્ક, એચસીએલ ટેકનો અને ઇન્ફોસિસનો સમાવેશ હતો.

નેટ પ્રોફિટમાં સુધારો આવતાં નેસ્લે ઇન્ડિયા, એચઓઇસીમાં સુધારો હતો જ્યારે નબળા પરિણામ જાહેર કરનારા પીટીસી ઇન્ડિયામાં ઘટાડો હતો. ■

# વૈશ્વિક સોનામાં તેજીને બ્રેકઃ રૂપિયો સુધરતા સ્થાનિક સોનામાં ₹ ૨૦નો ઘટાડો, ચાંદીમાં ₹ ૧૦૦ વધ્યા

*મુંબઈઃ* અમેરિકા-ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વૉરનો વાટાઘાટો મારફતે ઉકેલ આવે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સોનામાં સલામતી માટેની માગમાં ઘટાડો થતાં તેજીને બ્રેક લાગી હતી અને ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. વૈશ્વિક સોનામાં તેજી અટકી હોવાના નિર્દેશ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો આવતાં આયાત પડતરોમાં ઘટાડો થતાં સ્થાનિકમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૦નો સુધારો આવ્યો હતો. અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડ વૉરના મુદ્દે ચાલી રહેલી વાટાઘાટોમાં સકારાત્મક ઉકેલ આવે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સોનામાં રોકાણલક્ષી માગમાં ઘટાડો થયો હતો. આજે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૧૨૯૬.૪૯ ડૉલર આસપાસની સપાટીએ ટકેલા રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ગઈકાલના બંધથી સાધારણ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૧૨૯૭.૨૦ ડૉલરની સપાટીએ રહ્યા હતા. જોકે આજે ચાંદીના ભાવ ગઈકાલના બંધથી ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૧૪.૮૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિક સોનાચાંદી બજારમાં આજે ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્ટોકિસ્ટોની જળવાઈ રહેલી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૦૦ના સુધારા સાથે રૂ. ૩૭,૨૪૫ની સપાટીએ રહ્યા હતા.

જોકે, આજે સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલોને ધ્યાનમાં લેતાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સુધારો આવતાં સોનાની આયાત પડતરમાં ઘટાડો થતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૦ ઘટીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૨,૨૫૨ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૨,૩૮૨ની સપાટીએ રહ્યા હતા. જોકે, આજે જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહી હોવાના અહેવાલ હતા. ■

# ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* વૈશ્વિક સ્તરે અમેરિકા-ચીન વચ્ચેના ટ્રેડ વૉરનો ઉકેલ આવે એવા આશાવાદ સાથે સ્થાનિક તથા વૈશ્વિક બજારોમાં સુધારાતરફી વલણ જોવા મળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૧૦ પૈસાનો સુધારો આવ્યો હતો. જોકે, વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં સત્રના આરંભે ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૭૦.૪૪ના બંધ સામે મજબૂત અન્ડરટોને ૭૦.૩૨ની સપાટીએ ખૂલ્યા બાદ વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં આરંભિક તબક્કે સુધારો જોવા મળ્યાના નિર્દેશો મળતાં સત્ર દરમિયાન રૂપિયો ઉપરમાં ૭૦.૧૭ અને નીચામાં ૭૦.૩૯ સુધી ઘટ્યા બાદ અંતે ગઈકાલના બંધથી ૧૦ પૈસાના સુધારા સાથે ૭૦.૩૪ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે મધ્ય સત્ર બાદ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ટ્રેડ વૉર ઉગ્ર બને તેવી શક્યતા વ્યક્ત કરતાં વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ સ્થાનિકમાં રૂપિયામાં સુધારો પણ ધોવાયો હતો. વધુમાં વૈશ્વિક સ્તરે બ્રેન્ટ ક્રૂડના ભાવ વધીને બેરલદીઠ ૭૧.૩૦ની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયામાં સુધારો સીમિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિવિધ ધાતુઓમાં ઔદ્યોગિક માગ અનુસાર મિશ્ર વલણ

*મુંબઈઃ* લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને નિકલ, ટીન, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૭નો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને એલ્યુમિનિમયમ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૪નો ઘટાડો જોવા મળ્યો હતો.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં કોપરના ભાવ ગઈકાલના બંધથી ૦.૩ ટકા વધીને ૬૦૪૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. દરમિયાન સ્થાનિકમાં આજે ખાસ કરીને ટીન, નિકલ અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭ વધીને રૂ. ૧૪૯૦, રૂ. પાંચ વધીને રૂ. ૮૭૫ અને રૂ. ૩ વધીને રૂ. ૩૩૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧ વધીને અનુક્રમે રૂ. ૪૩૭ અને રૂ. ૩૩૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિરસ માગ અને સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલીનું દબાણ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૪ ઘટીને રૂ. ૧૪૪, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨ ઘટીને રૂ. ૧૨૦ અને કોપર કેબલ સ્ક્રેપ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧ ઘટીને અનુક્રમે રૂ. ૪૪૨ અને રૂ. ૪૭૦ના મથાળે રહ્યા હતા. ■

# ખાંડમાં મર્યાદિત વેપારે ₹ ૪થી ૧૧નો ઘટાડો

*મુંબઈઃ* સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને રિસેલ ડિલિવરીમાં ૧૫ તારીખ સુધીના ઓર્ડરના માલો ઉપાડવાનું દબાણ રહ્યું હોવાથી મિલો પર મિડિયમ ગ્રેડની ખાંડના ટેન્ડરોના ભાવ ક્વિન્ટલે રૂ. પાંચ ઘટીને રૂ. ૩૧૩૫થી ૩૨૨૫ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્મોલ ગ્રેડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૧૦૦થી ૩૧૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા. જોકે, આજે રિટેલ માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૧ અને રૂ. ૪નો ઘટાડો આવ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે રિટેલ સ્તરની માગ ધીમી પડતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે, પરંતુ ફોરવર્ડના ટેન્ડરો ક્વિન્ટલે રૂ. ૨૦થી ૨૫ જેટલા ઊંચા મથાળે ગયા હોવાથી એકંદરે બજારમાં મક્કમ અન્ડરટોન જળવાયેલો રહેશે. આજે અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૮થી ૨૯ ટ્રકનો રહ્યો હતો. તેમ જ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૧ ઘટીને રૂ. ૩૨૩૫થી ૩૨૭૨માં અને મિડિયમ ગ્રેડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪ ઘટીને રૂ. ૩૨૬૨થી ૩૩૯૬માં થયા હતા. ■

# નાના વેપારીઓ માટે જીએસટી પોર્ટલ પર એકાઉન્ટિંગ-બિલિંગનું સોફ્ટવેર મુકાશે

*અમદાવાદઃ* ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલે તેના પોર્ટલ પર જ નાના વેપારીઓ માટે એકાઉન્ટિંગ અને બિલિંગના સોફ્ટવેર મૂકવાનો નિર્ણય કર્યો છે. આ સોફ્ટવેરની મદદથી વેપારીઓ બીજા વેપારીઓ સાથે એટલે કે બીટુબીના વેચાણના બિલ તૈયાર કરી શકશે. વાર્ષિક રૂ. ૧.૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે આ સોફ્ટવેર ઉપલબ્ધ કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. વાર્ષિક રૂ. ૧.૫ કરોડ સુધીનું જ ટર્નઓવર ધરાવતા વેપારીઓને મોંઘા સોફ્ટવેર ખરીદવા ન પડે તે માટે સરકારે આ સોફ્ટવેર તેમને માટે મૂકવાનો નિર્ણય કર્યો છે.

આ સોફ્ટવેરનો ઉપયોગ કરનારાઓ તેના પર બિલ તૈયાર કરી શકશે. તેમ જ તેમના એકાઉન્ટ પણ તૈયાર કરી શકશે તથા તેમના રિટર્ન પણ તેનો ઉપયોગ કરીને ફાઈલ કરી શકશે. આ માટે વેપારીઓએ જીએસટીના પોર્ટલમાં લોગ ઇન કરીને ડાઉનલોડ બટન પર ક્લિક કરવાનું રહેશે.

એકાઉન્ટિંગ એન્ડ બિલિંગના સોફ્ટવેરને ડાઉન લોડ કરીને તેમાં તેઓ તેમના વેપારી વહેવારોના બિલો બનાવી શકશે. તેમ જ તેના એકાઉન્ટ પણ તૈયાર કરી શકશે. તદુપરાંત તેમને તેમાં વેન્ડરનું લિસ્ટ પણ મળી રહેશે.

બિઝનેસની જરૂરિયાત પ્રમાણેના સોફ્ટવેર વેપારીઓ ડાઉનલોડ કરી શકશે.

દેશમાં વધી રહેલા બોગસ બિલિંગના દુષણને નાથવા માટે જ આ પગલું લેવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં અંદાજે રૂ. ૧૦૦૦૦ કરોડના બોગસ બિલિંગના કેસો પકડાઈ ચૂક્યા હોવાનો અંદાજ છે. ■

# એમએમટીસીએ મકાઈના ટેન્ડરની મુદ્દત લંબાવીને ૨૨ મે નિર્ધારિત કરી

*નવી દિલ્હીઃ* જાહેર ક્ષેત્રની મિનરલ્સ ઍન્ડ મેટલ ટ્રેડિંગ કોર્પોરેશને પીળી મકાઈની આયાત માટેનાં ઈન્ટરનેશનલ ટેન્ડરની ઓફર મગાવવા માટેની મુદત આગામી ૨૨મી મે સુધી લંબાવી હોવાનું યુરોપિયન ટ્રેડરોએ તાજેતરમાં રૉઈટરને જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે જેનેટિકલી મૉડિફાઈડ ઓર્ગેનિઝમ મકાઈની આયાત માટે બહાર પાડવામાં આવેલા ટેન્ડર અંતર્ગત ઓફર આપવા માટેની અગાઉ મુદત જે આઠમી મેની હતી તે લંબાવીને ૧૫મી મે કરવામાં આવી હતી. તે વધારીને ૨૨મી મે કરવામાં આવી છે. જોકે, ઓફર સામી જૂન સુધી માન્ય રહેશે.

સામાન્યપણે ભારત દક્ષિણ પૂર્વ એશિયામાં મકાઈની નિકાસ કરે છે, પરંતુ સ્થાનિકમાં ઉત્પાદનમાં ઘટાડો અને પશુઆહાર માટેની તેમ જ કોર્ન સ્ટાર્ચ ઉત્પાદકોની માગ પ્રબળ રહેતાં ભાવમાં વધારો થયો છે અને ભારત આયાતકાર દેશ બન્યો છે. તાજેતરમાં ત્રણ વર્ષના સમયગાળા બાદ યુક્રેઈનથી આયાત થયેલું મકાઈનું શિપમેન્ટ થયું છે.

એમએમટીસીએ ૧૫ જૂનથી ૧૫ જુલાઈ સુધીમાં શિપમેન્ટ માટે ઓફર મગાવી છે. જેમાં ઓછામાં ઓછી ૨૦,૦૦૦ ટન અને મહત્તમ એક લાખ ટન માટે ઓફર મગાવી છે. જોકે, ખરીદીનાં વૉલ્યૂમનો આધાર ભાવ પર અવલંબિત રહેશે. ■

# સીબીઆઇસી દ્વારા હાઉસિંગ જીએસટીને લગતી મહત્ત્વની સૂચનાઓ

*નવી દિલ્હીઃ* ઘર ખરીદનારાઓએ ગયા નાણાકીય વર્ષમાં ફ્લેટ બૂક કરાવીને પછી રદ કર્યો હોય તો બિલ્ડરોએ તેના પર વસૂલેલો જીએસટી રિફંડ કરવો પડશે અને તેને આ પ્રકારના રિફંડ માટે ક્રેડિટ એડજસ્ટમેન્ટની છૂટ પણ મળશે, એમ આવકવેરા વિભાગે જણાવ્યું હતું. રિયલ એસ્ટેટ સેક્ટર માટે આ અંગેની સ્પષ્ટતા માટેના એફએક્યુ સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઇસી) દ્વારા જારી કરવામાં આવ્યા છે. આ એફએક્યુ માઇગ્રેશન પ્રોવિઝનની જોગવાઈની સ્પષ્ટતા માટે જારી કરવામાં આવ્યા છે, જેથી રિયલ એસ્ટેટ સેક્ટરની કંપનીઓને રહેણાક એકમો પર પાંચ ટકા અને એફોર્ડેબલ હાઉસિંગ પર એક ટકા જીએસટી પહેલી એપ્રિલ ૨૦૧૯થી ઈનપુટ ટેક્સ ક્રેડિટ વગર વસૂલવાની છૂટ મળે.

હાલમાં ચાલી રહેલા પ્રોજેક્ટ્સમાં બિલ્ડરોને આઇટીસી સાથે ૧૨ ટકાનો ગૂડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ (જીએસટી) વસૂલવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. તેમા એફોર્ડેબલ હાઉસિંગ માટે આઇટીસી સાથે આઠ ટકા અથવા તો આઇટીસી વગર એક ટકાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. એફએક્યુએ જણાવ્યું હતું કે બાયર દ્વારા ડેવલપરને ક્રેડિટ નોંધ સેક્શન ૩૪ની જોગવાઈ મુજબ ભાવફેરના સંદર્ભમાં કે બૂકિંગ રદ થવાના સંદર્ભમાં આપી શકાશે.

એફએક્યુના બીજા સેટમાં સીબીઆઇસીએ જણાવ્યું છે કે, જો હાઉસિંગ પ્રોજેક્ટને ૩૧ માર્ચ, ૨૦૧૯ પહેલા કમ્પ્લીશન સર્ટિફિકેશન મળી ગયું હોય તો બિલ્ડરને ચૂકવવાપાત્ર બાકી રહેલી રકમ પર ઘર ખરીદનારાએ ૧૨ ટકા જીએસટી ભરવો પડશે. એક અન્ય મહત્ત્વના પગલાં હેઠળ મહારાષ્ટ્ર રાજ્ય ગૃહ મંત્રાલયે શરતભંગ માટે કડક કાર્યવાહીની ભલામણ કરી છે. રહેઠાણની જગ્યા ભાડે આપવામાં આવી હોવાનું જણાતાં એસઆરએ એનેક્સર ટુ માલિકોની ફ્રી હાઉસિંગ પાત્રતા રદ કરશે.

ઝૂંપડપટ્ટીના કાયદેસર ડિમોલિશનને સરળ બનાવવાના ઉદ્દેશથી રાજ્ય ગૃહનિર્માણ મંત્રાલયે એસઆરએ એકમને, જો રહેઠાણની જગ્યા ત્રીજા પક્ષને ભાડે આપવામાં આવી હોય, તો એનેક્સર બેમાંના પાત્ર નામોને રદ કરવાની સૂચના આપી છે. એનેક્સર બેમાં માન્યતાપ્રાપ્ત સ્લમ રહેઠાણોને ખાલી કરવામાં રાજ્યના સત્તાતંત્ર સામે આવેલી અડચણો અને વિલંબોને કારણે આ પગલું ભરવાની ફરજ પડી હતી. ઉપરોક્ત સમસ્યાને પગલે પુનર્વસવાટની પ્રક્રિયામાં વિલંબ થઈ રહ્યો હતો અને કેટલાક કિસ્સામાં મંજૂરી ધરાવતા પ્રોજેક્ટ ઢીલમાં પડ્યા હતા. ■


PUBLIC NOTICE | પબ્લિક નોટીસ

**મધ્ય રેલવે**

**નોન એસી બીજી કોચીસનું પીયુ પેઈન્ટિંગ**

**કામનું નામઃ** (જથ્થોઃ ૧૨૦ કોચીસ) એમએલઆર. દરમિયાન નોન એસી બીજી કોચીસનું પીયુ પેઈન્ટિંગ. **અંદા. ખર્ચઃ** ₹ ૧,૬૪,૭૭,૫૬૦/-. **ટેન્ડર ફોર્મની કિંમતઃ** ₹ ૫,૦૦૦/-. **બારડીઃ** ₹ ૨,૩૨,૪૦૦/-, **પૂર્ણતા મુદતઃ** સોળ મહિના. ફક્ત એવી પેઢીઓ જે તેઓની વ્યક્તિગત ક્ષમતામાં લઘુતમ લાયકાતના માપદંડ સંતોષી શકશે તેની આ ટેન્ડર માટે વિચારણા થશે. **ટેન્ડરની સુપ્રતિ માટે સમય અને તારીખઃ** ૬/૬/૧૯ના ૧૧:૦૦ ક. સુધી છે. ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો રેલવેની કાર્યાલયીન વેબસાઈટ **http://www.ireps.gov.in** ખાતે ઉપલબ્ધ છે. સંપૂર્ણ દસ્તાવેજો વેબસાઈટમાંથી ડાઉનલોડ કરી શકાશે. ટેન્ડરની વિગતો ચીફ વર્કશોપ મેનેજર, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ના ''નોટિસ બોર્ડ''માં ઉપલબ્ધ છે.

ઓપન ટેન્ડર નોટિસ નં.

PR-C-PU - ૧૯-૨૦-૪૩૫ તા. ૧૩/૦૫/૨૦૧૯

**ઓલ ઈન્ડિયા પેસેન્જર ઈમર્જન્સી હેલ્પલાઈન ૧૩૮** 185


# મલયેશિયાએ પામતેલનો નિકાસ વેરો શૂન્ય ટકા રાખ્યો

કુઆલાલમ્પુરઃ મલયેશિયાએ આગામી જૂન મહિના માટે પામતેલ પરનો નિકાસવેરો શૂન્ય ટકાના સ્તરે જાળવી રાખ્યો હોવાનું મલયેશિયન પામ ઓઈલ બોર્ડે તેની વૅબ સાઈટ પર એક સર્ક્યુલરમાં કસ્ટમ વિભાગને ટાંકીને જણાવ્યું છે. અત્રે નોંધનીય છે કે ગત સપ્ટેમ્બર મહિનાથી મલયેશિયાએ પામતેલની નિકાસ પરનો વેરો શૂન્ય ટકાના સ્તરે રાખ્યો છે. પામતેલના વૈશ્વિક ઉત્પાદનમાં મલયેશિયા બીજો ક્રમાંક ધરાવે છે. મે મહિના માટે મલયેશિયાએ પામતેલનાં ટનદીઠ રેફરન્સ રેટ ૧૯૮૧.૦૩ રિંગિટ (૪૭૯.૩૨ ડૉલર) નિર્ધારિત કર્યા છે અને ૨૨૫૦ રિંગિટના નિર્ધારિત કરતાં વધુ ભાવ પર ડ્યૂટી લાદવામાં આવે છે. ■

# આયાતી તેલની ટેરિફ વૅલ્યૂમાં ઘટાડો

*મુંબઈઃ* મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૧ રિંગિટનો સુધારો આવ્યો હતો. તેમ જ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં પણ ૩૮ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં સુધારો આગળ ધપ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૧૦ કિલોદીઠ સન ક્રૂડમાં રૂ. ૧૦, સોયા ડિગમમાં રૂ. ૬, સન રિફાઈન્ડમાં રૂ. ૫, સોયા રિફાઈન્ડમાં રૂ. ૩, અને આરબીડી પામોલિનમાં રૂ. ૧નો સુધારો આવ્યો હતો, જ્યારે ક્રૂડ પામતેલમાં સાધારણ રૂ. ૧નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે હાજરમાં મથકો પાછળ સિંગતેલમાં સુધારો આગળ વધતાં ભાવમાં વધુ ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, પરંતુ આજે હાજર, સેલરિસેલ તેમ જ ડાયરેક્ટ ડિલિવરી ધોરણે વેપાર નિરસ હતા. આજે સરકારે ક્રૂડ પામતેલની ટેરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૫૪૫ ડૉલર હતી તે ઘટાડીને ૫૨૨ ડૉલર કરતાં આયાત પડતર ટનદીઠ રૂ. ૭૧૨.૯૫ ઘટીને રૂ. ૧૬,૧૮૦.૯૬ની સપાટીએ, ઓલિનની ટેરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૫૮૨ ડૉલર હતી તે ઘટાડીને ૫૫૬ ડૉલર કરતાં આયાત પડતર ટનદીઠ રૂ. ૯૦૬.૬૯ ઘટીને રૂ. ૧૯,૩૮૯.૨૫ અને ક્રૂડ ડિગમ સોયાબીન તેલની ટેરિફ વૅલ્યૂ જે ટનદીઠ ૬૯૬ ડૉલર હતી તે ઘટાડીને ૬૮૯ ડૉલર કરતાં આયાત પડતર ટનદીઠ રૂ. ૧૮૯.૮૬ ઘટીને રૂ. ૧૮,૬૮૭.૯૨ની સપાટીએ રહી હતી.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૫૯૩થી ૫૯૬, ક્રૂડ પામોલિનના રૂ. ૫૨૧, સોયા રિફાઈન્ડના રૂ. ૭૩૫, સોયા ડિગમના રૂ. ૭૦૮, સન રિફાઈન્ડના રૂ. ૭૬૫, સન ક્રૂડના રૂ. ૭૧૫, સિંગતેલના રૂ. ૧૦૭૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૭૬૨ અને સરસવના રૂ. ૭૬૫ આસપાસના મથાળે રહ્યા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૬૦૦૦ ગૂણીની આવક સામે વેપાર ૨૦ કિલોદીઠ રૂ. ૮૭૫થી ૧૦૦૦માં અને રાજકોટ મથકે ૬૫૦૦ ગૂણીની આવક સામે વેપાર રૂ. ૯૦૦થી ૧૦૨૦માં થયા હતા. ■


**મધ્ય રેલવે**

**વોક-ઈન-ઈન્ટરવ્યુ - પારા - મેડિકલ કેટેગરીસ માટે**

મધ્ય રેલવે મુંબઈ ડિવિઝન ફુલ-ટાઈમ કોન્ટ્રાક્ટ ધોરણે ગ્રુપ 'સી'માં પારા-મેડિકલ કેટેગરીસમાં હોદ્દાઓ ભરવા માટે વોક-ઈન-ઈન્ટરવ્યુનું સંચાલન કરશે. આ સ્કીમ સમય સમય પર જારી થનાર કોઈપણ સૂચનાને આધિન તથા ૩૦.૦૬.૨૦૧૯ અથવા નિયમિત રીતે સિલેક્ટેડ ઉમેદવારોની ઉપલબ્ધતા જે વહેલું રહેશે ત્યાં સુધી વેલિડ રહેશે.

**વોક-ઈન-ઈન્ટરવ્યુનું પરિશિષ્ઠ**

| |
|---|
| ટેન્ટેટીવ તારીખો ઈન્ટરવ્યુ શીડ્યુલની : ૨૯.૦૫.૨૦૧૯ |
| રીપોર્ટીંગ સમય : ૧૦.૦૦ ક. થી ૧૩.૦૦ ક. |
| ઈન્ટરવ્યુનો હોદ્દો : ફાર્માસિસ્ટસ |
| સ્થળ : રીક્રુટમેન્ટ સેક્શન, મધ્ય રેલવે, પર્સનલ બ્રાન્ચ, ડિવિ. રેલવે મેનેજરનું કાર્યાલય, ૩જા માળે, એનેક્ષ બિલ્ડિંગ, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, મુંબઈ-૪૦૦૦૦૧. |

ઈન્ટરવ્યુ દર્શાવેલ તારીખે પૂર્ણ નહીં થાય તો બીજા દિવસે ચલાવાશે.

**નોંધઃ-** ઉમેદવારોએ મૌખિક માટે ૩ દિવસની લઘુતમ મુદત માટે મુંબઈમાં રહેવાની તૈયારી સાથે આવવું. આ તમામ ફોર્માલીટીસની પુર્ણતા અને નોટિફિકેશનના ઉમેદવારોના પ્રતિભાવ પર વિસ્તરણ માટે આધારિત રહેશે. ઈન્ટરવ્યુ માટે ઉમેદવારો માટે એકોમોડેશન પુરા પાડી શકાશે નહીં.

વધુ વિગતો માટે અમારી વેબસાઈટની મુલાકાત લોઃ

1) www.cr.indianrailways.gov.in → About us → Division → Mumbai → Personnel. 2) www.cr.indianrailways.gov.in → News & Recruitment → Recruitment → Notifications.

centralrailwayindia | Central_Railway | Central_Railway 176